# પત્રક ભાગ–૩

# પંદરમી ગુજરાત વિધાનસભા

**શુક્રવાર, ૦૯ જાન્યુઆરી,૨૦૨૬**

**૩૫૧.અંદાજ સમિતિની બેઠક:–**

અંદાજ સમિતિની બેઠક મંગળવાર, તા.૦૨/૧૨/૨૦૨૫ના રોજ બપોરના ૧૨–૩૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયમાં ચોથા માળે આવેલ સમિતિખંડ–૨માં મળી હતી. સમિતિની આ બેઠકની શરૂઆતમાં સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી તરીકે શ્રી જયદ્રથસિંહજી પરમારની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ત્યારબાદ સમિતિએ આ બેઠકમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના તા.૧૧/૦૮/૨૦૨૫ના રોજ આ સચિવાલયને મળેલ મૂળ સાહિત્યની તપાસ હાથ ધરી હતી.

ઉક્ત તપાસ દરમિયાન સમિતિએ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અંતર્ગત આવતી જુદી–જુદી કામગીરી અંગે માહિતી મેળવી હતી. જેમાં રાજ્યમાં સેમિકન્ડકટર પ્રોજેક્ટ, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક મિશન, ભારતનેટ પ્રોજેક્ટ, સાયન્સ પોપ્યુલરાઈઝેશન, આઇ.ટી. અને એમર્જિંગ ટેકનોલોજીની કામગીરી તેમજ વિભાગની મહત્વની પોલિસીઓ જેવી કે બાયોટેકનોલોજી પોલિસી, ઈલેક્ટ્રોનિક પોલિસી, સેમિકન્ડકટર પોલિસી અને સ્પેસ ટેક પોલિસી વગેરે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

સમિતિની બેઠક બપોરના ૦૧–૩૪ કલાકે પૂરી થઇ હતી.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.